ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૯

અંક : ૧

## ટપકનો ૧૯માં વર્ષમાં પ્રવેશ

સંસ્થાની માસિક પત્રિકા "ટપક" નું પ્રકાશન ૧૯૯૮ થી શરૂ થયું. સંસ્થાના શુભેચ્છકો તથા કાર્યકર મિત્રો પ્રકાશ ભટ્ટી, સુરેખા મહેતા, સુરેશભાઈ ગોહિલ, મુળજીભાઈ બગડાએ લક્ષિત સમુહમાં સંદેશાઓ પહોચાડવા તથા કાર્ય વિસ્તારમાં ચાલતી કામગીરીથી અન્ય લોકોને વાકેફ કરવા તેમજ શ્રેષ્ઠ પ્રયોગો કે કેસ સ્ટડીને શીખવા સમજવા હોય તો તે માટે કોઈ માધ્યમ જરૂરી છે તેવુ માન્યુ હતુ. લક્ષિત સમૂહના લોકો તથા સંસ્થાના સાથી મિત્રો સાથે ચર્ચા કરીને એક પત્રિકાનો ડ્રાફટ તૈયાર કરવો, પત્રિકાનું નામ નક્કી કરવુ, પ્રકાશિત કરવાનું તથા તેમાં મુકવાની સામગ્રી તૈયાર કરવા લગાતાર બેઠકો કરી અને તૈયાર થયેલ સામગ્રીના આધારે ઘણાં નામો વિચારવામાં આવ્યા. સંસ્થાની કામગીરીની વિગતો તથા નવા વિચારો/પ્રયોગો લોકોને સમયાંતરે મળી રહે તે માટેનું સાધન જો આપણાં હાથમાં ટપકી પડે તો ખુબ સારૂ એવું વિધાન આપણાં કાર્ય વિસ્તારના એક વ્યકિતએ કર્યુ. તેના આધારે પ્રકાશભાઈ ભટ્ટીએ "ટપક" નામ સુચવ્યુ હતું. એ વખતે પાણીના પ્રશ્નો અને પાણીના સંગ્રહ પર સંસ્થાની ટીમ કામ કરતી. પાણી આકાશમાંથી ટપકે છે. તેને સાચવવું, જાળવવું અને તેના કાર્યક્ષમ ઉપયોગ પર મથામણ કરી રહયા હતા. એટલે "ટપક" એવું નામ યોગ્ય ગણીને આ ટાઈટલ નીચે શ્રી પ્રકાશભાઈના હસ્તાક્ષરમાં પ્રથમ અંક બન્યો. તેની ફોટોકોપી કરીને રૂબરૂ તથા પોસ્ટ દ્વારા વાંચકો સુધી પહોચાડી. બીજા અંકથી તેને કોમ્પ્યુટરમાં તૈયાર કરવા વિચાર્યુ. એ વખતે કોમ્પ્યુટર જોબવર્ક કરતા અલ્તાફ દેરડીવાલાએ "ટપક" ટાઈટલના ''પ'' ઉપર પાણીનું ટીપું મુકયું જે કાર્યને અનુરુપ લાગતા સ્વીકારી લીધુ. આમ, ટપકની યાત્રા શરૂ થઈ. ત્યાર પછી આ ટાઈટલને ન્યુઝ પેપર્સ ઓફ ઈન્ડીયામાં રજીસ્ટર્ડ કરાવ્યુ હતું. પત્રિકાની સાઈઝ તથા પેઈઝમાં પણ સમયાંતરે થોડા ફેરફાર થયા હતા.

આજે આ પત્રિકાએ અઢાર વર્ષ પૂર્ણ કરીને ૧૯માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આજના ડીજીટલ યુગમાં આ પ્રકારના વાંચનની ઉપેક્ષા જોવા મળે છે. તેમ છતાં આપણા કાર્ય વિસ્તારના લોકોને તથા નાના સમુહો/સંગઠનોને ઉપયોગી

**શબ્દો મફત છે પરંતુ તેને વાપર્યા પછી કીંમત ચુકવવી પડે છે.**

થઈ રહયાના પ્રતિભાવોથી સંસ્થાને આ પત્રિકા ચાલુ રાખવા સતત પ્રોત્સાહન મળતું રહયુ છે. "ટપક" ચલાવવા માટે ફંડ એકત્ર કરવાનો પ્રયાસ કર્યો રૂ. ૪૨૦૦૦/– જેવી રકમ એકત્ર થઈ હતી તેને ફીકસ ડીપોઝીટ તરીકે રાખ્યા છે શરૂમાં તો સહયોગ રાશિ તથા એકત્ર ફંડના વ્યાજથી પ્રકાશનની છાપણી/રવાનગીનો ખર્ચ નીકળી જતો હતો. પરંતુ ધીરે ધીરે છાપણી કામનો ખર્ચ વધતા હવે ટપક ચલાવવું મુશ્કેલ દેખાય રહયુ છે. આ કામ માટે ભંડોળના અભાવે કોઈ વ્યકિતને રોકી શકયા નથી જેથી સંપાદકીય કાર્ય અલગ અલગ વ્યકિત દ્વારા થતુ હોવાના કારણે તેમાં મુકવામાં આવતી વાંચન સામગ્રીમાં કયારેક જોઈએ એવી અસરકારકતા ન રહેવા પામે તે સ્વાભાવિક છે. પરંતુ કોઈ કામ ચાલતુ હોય અને ચાલતુ રહે તો તેને આપણે અસરકારક બનાવી શકીશું અને તેને માટે જરૂરી ફંડ પણ એકત્ર કરી શકીશું તેમ માનીને આ કામને ચાલુ રાખવામાં સંસ્થાની ટીમનો મહત્વનો ફાળો છે.

હાલમાં અમરેલી ઓફીસ પર બેસતા કાર્યકરો પોતાને સોંપાયેલ કામમાંથી સમય કાઢીને ટપક માટે લેખ, અહેવાલ કે વાર્તા જેવી બાબતો શોધીને કે લખીને મુકે છે. કાર્યવિસ્તારની ઘટનાઓ જો ક્ષેત્રીય કાર્યકરો મોકલે છે તો તેમાં જરુરી સુધારાઓ સાથે ટપકમાં સમાવેશ કરવામાં આવે છે.

છેલ્લા ઘણાં અંકોથી નિયમિત રીતે દર મહિને લખીને મોકલવાની ટેવ શ્રી ડી. એન. ઝાલાએ કેળવી છે. શ્રી ઝાલા છેલ્લા બે વર્ષથી સંસ્થા સાથેના ખેતી પ્રોજેકટ સાથે સંકળાયેલા છે. ખેડૂતો સાથે સંવાદ રચવાનું માધ્યમ તેઓએ ટપકને બનાવ્યુ છે જે ખુબજ અસરકારક દેખાઈ રહયુ છે. આ રીતે ગુણવતા તરફ આગળ વધી શકાય અને આર્થિક સહાય માટે પણ પ્રયાસ કરી શકીએ તેમ છતાં દરેક વાચકમિત્રો ઉપરોકત બાબતે સુચનો કરી શકે, પ્રતિભાવો આપી શકે જેથી ટપકના ભવિષ્ય બાબતે કોઈ રણનિતી તૈયાર થાય. આ વખતે આ ટપકનો અંક વાંચીને આપ સૌ મિત્રો આપના પ્રતિભાવો મોકલી આપશો તેવી અપેક્ષા છે.

**– ટપક ટીમ**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– ટપક ટીમ**

***કામ કરનાર કદર કરનારની રાહ જોતા નથી.***

## ટકાઉ ખેતી

દોસ્તો, આ અંકમા ગુલાબી ઈયળ, કપાસની કાપણી અને દેશી ખાતર વિશે વાતો કરીશું. છેલ્લે થોડા ઘણાં અંશે ગુલાબી ઈયળ દેખાણી છે પરંતુ આ વર્ષે ખાસ નુકશાન થયું નથી જે સારી બાબત ગણી શકાય. પરંતુ આવતા વર્ષે ગુલાબી ઈયળના આવે અથવા તેનાથી થતુ નુકશાન અટકાવી શકાય તે માટે કાળજીઓ લેવી પડે તે બાબતે વિશેષ વાતો કરીએ.

સૌથી પહેલું કામ ૩૦ જાન્યુઆરી સુધીમાં કપાસને ખેતરમાંથી કાઢી નાખવો જોઈએ. જો હવે પછી ખેતરમાં કપાસની સાઠીને રાખવામાં આવશે તો આવતા વર્ષે ગુલાબી ઈયળનો ઉપદ્રવ વધારે આવશે. માટે આ અગત્યના કામમાં મોડું કરવુ નહી. સાઠી કાઢવાની સરળ પદ્ધતિ ઉભા કપાસમાં હળ દ્વારા સાઠીને સીધી જ જમીનમાં દબાવી દેવી. જેથી જમીનમાં ઉતમ ખાતર મળી રહે. જો ગુલાબી ઈયળના કોશેટા હશે તો તેનો નાશ થશે. બીજી પદ્ધતિ જોઈએ તો કપાસની સાઠીને ચીપીયાથી કાઢી નાના ટુકડા કરવા અને ખાડામાં ભરી અને ખાતર કરી શકાય હવે છેલ્લી પદ્ધતિની વાત કરીએ તો કપાસની સાઠીને બાળીને નાશ કરવો. આ પદ્ધતિને સરળ ગણી શકાય પરંતુ ખુબજ ખતરનાક છે. ધુવાડાના કારણે પર્યાવરણને મોટું નુકશાન થાય છે. તેમજ જમીનમાં તાપમાનમાં વધારો થવાથી જમીનના ઉપયોગી જીવોને પણ નુકશાન થાય છે. તેમજ મહામુલા ખાતરનો નાશ થાય છે આ પદ્ધતિનો એકજ ફાયદો છે. ગુલાબી ઈયળના કોશેટાનો નાશ થાય છે માટે શકય હોય ત્યાં સુધી આ પદ્ધતિનો ઉપયોગ કરવો નહી. અમુક ખેડૂતો સાંઠીને કાઢયા બાદ શેઢા પર જ ઢગલા કરે છે જે ગુલાબી ઈયળને આવતા વરસે આમંત્રણ આપતા હોય તેવું લાગે છે. જો સાંઠીનો બળતણ તરીકે ઉપયોગ કરતા હોય તો સાંઠીને ખેતર પર ના રાખતા પોતાના ઘરે લઈને રાખવી જોઈએ.

ખાતરની વાત કરીએ તો હાલના સંજોગોમાં પશુની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થતો જાય છે. જેના કારણે જમીનમાં છાંણીયા ખાતરની ઓછપ વર્તાય છે. જેથી જમીનના જીવ એટલે કે સેન્દ્રીય કાર્બન ૧ હોવું જોઈએ તેની જગ્યાએ ૦.૨૫ થી નીચે આવી ગયો છે. જે ખેતી માટે ખતરારૂપ છે. જેનો સીધો અર્થ એ થાય છે કે આપણી જમીન નિર્જીવ બની રહી છે. તેને અટકાવાનો સીધો ઉપાય એ છે કે જમીનમાં ઉત્પન્ન થતી કોઈ પણ વસ્તુઓ જે માણસ કે પશુના કામમાં ના આવે તેવી તમામ વસ્તુઓને સડાવીને જમીનને પરત આપવી. ખેડુતો ખેતીના કચરાનો નાશ કરવાને બદલે ઉતમ ખાતર બનાવી જમીનમાં વાપરે તે આવતી પેઢી ના હિતમાં છે. વર્મી કંપોસ્ટ તથા અન્ય દેશી ખાતર બનાવવાની પદ્ધતિઓની માહિતી માટે આપ મારો સંપર્ક કરી શકો છો.

*– ડી.એન.ઝાલા–૯૮૨૫૪૨૨૨૪૪*

**દુઃખમા કોઈને મદદરૂપ થવું તે જ ખરી માનવતા છે.**

## મીટીંગ

પ્રો. જે. એમ. તળાવીયાએ તા ૩/૧/૨૦૧૭ ના રોજ સંસ્થાની ઓફીસ ટીમ સાથે બેઠક કરી જેમાં સ્ટાફ સાથે પ્રોગ્રામની ચર્ચા કરી હતી અને કાર્યકર્તાની કામ કરવાની શૈલી અને કુશળતામાં વધારો થાય તે માટે જાપાનીઝ કાયઝન વ્યુહરચના વિશે વાત કરી હતી. જેમાં સંસ્થાના દરેક લેવલે કર્મચારીઓ સાથે મળીને સક્રિયતાથી કાર્ય કરે અને ઉત્પાદન પ્રક્રિયામાં પણ સતત સુધારાત્મક પગલા લેવામા આવે છે. આ વ્યુહરચના અપનાવવી હોય તો સતત પરિવર્તનશીલ રહેવુ પડે અને વ્યકિતએ પોતાની જીવનશૈલીમાં સુધારો લાવવો પડે. ઉદાહરણ તરીકે સ્વસ્થ અને તંદુરસ્ત જીવન માટે દૈનિક યોગા, શારિરીક કસરત, પોષ્ટિક આહાર, ઊંઘ વગેરે ક્રિયા પર ધ્યાન રાખવુ તેથી તો કહેવાય છે પહેલુ સુખ તે જાતે નર્યા. ઇન્ડકશન પર વાત કરતાં જણાવ્યુ કે, કોઈ નવી વ્યકિત નવી જગ્યા પર જાય તો ત્યાની કામગીરી, સિસ્ટમ, વાતાવરણ વગેરેથી વાકેફ થવુ. એ નવા કાર્યકર્તા માટે મહત્વનો ભાગ ભજવે છે. કાર્યકર્તા સંસ્થાના પ્રોજેકટ પ્રોગ્રામ, સ્ટાફની કામગીરી વગેરે પર માર્ગદર્શન મેળવે અને એ વાતાવરણમાં અનુકુલન સાધે તેવા પ્રયત્ન કરે. ઇન્ડકશનનો અર્થ જ સુચવી જાય છે કે પ્રક્રિયામાં કંઈક વેગ આપવાની ક્રિયા. આમ આજરોજની બેઠકમાં કાર્ય કરવાની શૈલી, ગુણવતા, સતત સુધારણા, પ્રક્રિયા અને નવીન વસ્તુ શીખવાની ધગશ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.



***માનવીના તન અને મનને સૌથી વિશેષ પોષણ અને પ્રેરણા આપનાર માતા છે.***

## આરોગ્ય અને જીવન જીવવાની શૈલી

ડો. ડબાવાળાએ સ્વાસ્થ્ય, આરોગ્ય અને જીવન જીવવાની શૈલી વિશે સ્ટાફને માર્ગદર્શન આપ્યું હતું જેમાં તેમણે સ્વસ્થ જીવન જીવવા માટે ૪ પીલરની વાત કરી જેવા કે યોગ્ય પોષ્ટિક આહાર, વ્યાયામ, આરામ અને યોગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. વિશેષમાં તેમણે આદર્શ જીવન જાળવવા નિયમીત ત્રીસ મીનીટ ઝડપથી ચાલવું, ૧૦–૧૨ ગ્લાસ પાણી પીવુ, ખોરાકમાં મીઠાનું પ્રમાણ ઘટાડવુ, શાકભાજી–ફળ–કઠોળ અને ધાન્ય શકય હોય તેટલા લેવા, મેંદો, ખાંડ અને તળેલો ખોરાક શકય હોય તેટલા ઓછા લેવા, નિયમીત સમયસર ૬ થી ૭ કલાક ઊંઘ લેવી, માનસિક તાણ ન થાય એ પ્રમાણે કામનું આયોજન કરવું, નિયમીત યોગ, ધ્યાન અને મનોશાંતિના પ્રયત્નો કરવા, કુદરત નજીકનું અને સાદુ જીવન જીવવું વગેરે પર માર્ગદર્શન આપેલ હતું ખાસ કરીને વ્યસન પર ચર્ચા કરી જેમાં લોકોમાં ખરાબ વ્યસનોની આદત હોય તે છોડાવવા જેવી કે ચા, કોફી, કોલા, તમાકુ, ધુમ્રપાન અને દારૂ વગેરે પર ધ્યાન સાધ્યું હતું. સમય માટે " Time is money " કહયું પરંતુ હકીકતમાં તો સમય પૈસા કરતા પણ વધારે મુલ્યવાન છે. સમયને આપણે નકામી અને ફાલતુ ચીજવસ્તુમાં વેડફવો ન જોઈએ સમયની કિંમત સમજીને મહત્વપુર્ણ કાર્યો હાથ લઈ તેમણે પાર કરવામાં પસાર કરવો એટલેજ તો કહેવાય છે કે એકવાર જતો રહેલો સમય ફરી પાછો લાવી શકતા નથી.



**વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે .**

## ખેડૂત તાલીમ અને પ્રેરણા પ્રવાસ

જાફરાબાદ અને સોરઠ પ્રોડયુસર કંપનીમાં જોડાયેલા ખેડૂતોમાં સંસ્થાકીય વિકાસની સમજ કેળવવા તા.૧૨ અને તા. ૧૮ જાન્યુઆરી ૨૦૧૭ એ તાલીમનુ આયોજન કરેલ હતું. જેમાં સંગઠન બનાવવાનો હેતુ, સંગઠનના કાર્યો, સેવાઓ, મૂલ્યો, સિધ્ધાંતો અને સભ્યોની જવાબદારીઓ સમજવા પ્રયાસ થયો.

ખેત ઉત્પાદક સંઘનો ખ્યાલ અને ખેડૂતો માટેની જરૂરીયાત, પ્રાથમિક જૂથોનુ મહત્વ અને ખેત ઉત્પાદક સંઘ સાથે તેનુ જોડાણ, ઉત્પાદક સંઘ સાથે જોડાયેલ દરેક લર્નિગ ગૃપની સામૂહિક આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ તેમજ અંતરાલોની સમજ સ્પષ્ટ થઈ. અવિરત કંપની સાથે સભ્યપદ, બોર્ડ, કાર્ય અને ધંધાકીય અનુભવનુ આદાન પ્રદાન કરવામાં આવ્યુ હતુ.

ખેડૂતોને પડતી મુશ્કેલીઓનુ નિવારણ ખેડૂત જાતે કરી શકે છે તે બાબત જુથ ચર્ચામાં નીકળી આવી. ઉત્પાદનોમાં મૂલ્યવર્ધન કરવું, માર્કેટીગ શકિતનો લાભ લેવો, આધુનિક ટેકનોલોજીથી ખેતીથી વધુ ઉત્પાદન વિગેરે બાબતો ભાષણો તથા ફીલ્મ દ્વારા શીખ્યા. પ્રતિભાવો પરથી જણાયુ કે, લર્નીગ ગ્રુપના ખેડૂત સભ્યોની તાલીમો, ફીલ્ડ ડે, જુદા જુદા વિષયો પરનાં અભિયાનો તથા સંસ્થાનાં કાર્યકર મિત્રોની નિયમિત મુલાકાત અને સંવાદો થકી ખેડૂત સભ્યોનાં કાર્યકર મિત્રો સાથે સંબંધો મજબુત બન્યા છે. પ્રાથમિક જુથોને ખેત ઉત્પાદક સંઘ સાથે તેનુ જોડાણ કરવામાં આવે તો ખેડૂતોને ઘણા ફાયદાઓ થઈ શકે છે.

શ્રી બિપીનભાઈ જોષી, પ્રો. તળાવીયા, શ્રી ભરતભાઈ પરમાર તથા ટીમના સભ્યોએ રીસોર્સ પર્સન તરીકે સેવાઓ આપી હતી.





*બીજા સાથે એવી જ ઉદારતા રાખો જેવી ઈશ્વરે તમારી સાથે રાખી છે.*

## આજનું શિક્ષણ

આજનાં શિક્ષણની વાત કરીએ તો ગુણવતાની દ્રષ્ટિએ આજના શિક્ષણનું સ્તર નીચુ ગયુ હોય તેમ લાગે છે માત્ર ગોખણપટ્ટી, થીયરીટીકલ જ્ઞાન અને પુસ્તકીયુ જ્ઞાન માત્ર જોવા મળે છે. કૌશલ્યલક્ષી જ્ઞાન, સાહિત્યિક અને સમાજલક્ષી જ્ઞાનનો અભાવ જોવા મળે છે. ટકાવારીને ધ્યાને લઈ અપાતુ માર્ગદર્શન અને ભણતર કોઈ કામમાં આવતું નથી. પરિસ્થિતિ, વાતાવરણ, સમયને અનુસરવાનો અભાવ, ગુણવતાભર્યા શિક્ષણનો અભાવ, બાળકોને શામાં રસ છે ? તેમનું મગજ શામાં વધારે સારુ કામ કરે છે ? વગેરે બાબતોનો મોટો ફાળો હોય છે. માત્ર બાળકને નોકરી કે સારો ધંધો કે પૈસા કેમ કમાવા એજ જરૂરી નથી. મા–બાપ બાળક પ્રત્યે એવી આશા રાખીને જ ભણાવતા હોય છે કે તે સારો નાગરીક, દેશપ્રેમી કે સેવાભાવી માણસ બને.

મિત્રો, આ સમાજ જયાં સુધી આજનું શિક્ષણ વિશે માહિતગાર કે જાગૃત નહી થાય ત્યાં સુધી સંસ્થા, સરકાર કે શિક્ષણપ્રેમી ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ ધાર્યુ પરિણામ મેળવવું મુશ્કેલ છે. પાયાનું શિક્ષણ ખરેખર યોગ્ય હશે અને યોગ્ય દિશા અપાશે તોજ બાળકનું ભવિષ્ય ઉજજવળ રહેશે. પાયો મજબુત હશે તોજ ઈમારત સલામત રહેશે.

***– હંસરાજ જે પેથાણી, ત્રંબોડા.***

## મુલાકાત

તા. ૨/૧/૧૭ના રોજ ગ્રામ નિર્માણ સમાજ તથા ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશન સાથે જોડાયેલ મહેન્દ્રભાઈ, જયેશભાઈ, શૈલેશભાઈ, સુભાષભાઈ તથા અજીતભાઈ આ સંસ્થાની મુલાકાતે આવ્યા હતા. આ બંને સંસ્થાઓ મહુવા તાલુકાના ખેડૂતો સાથે ઘણાં સમયથી કાર્યરત છે. ગ્રામ્ય કક્ષાએ પ્રવૃતિઓ હાથ ધરવા રચાયેલા ખેડૂતોના નાના સમૂહ એકત્ર થઈ ખેડૂત ઉત્પાદક સંઘ બને તે બાબતે ખેડૂતો સાથે ચર્ચા કરી રહયા છે. આ ખેડૂત ઉત્પાદક સંઘને કંપની ધારા હેઠળ નોંધણી કરાવવા ખેડૂતો સાથે સંમતી બની છે. એસએસકેકે દ્વારા ખેડૂતોની ૪ કંપનીઓ રચાયેલ છે. ખેડૂત ઉત્પાદક સંઘની રચના, નોંધણી તથા સંચાલન બાબતે એસએસકેકેના અનુભવ તથા કંપનીઓના અનુભવની આપલે માટે આ મુલાકાત યોજાઈ હતી. ધીરૂભાઈએ સંઘનો ઉદભવ, માળખુ, પોલીસી અને કાર્યપધ્ધતિની બાબતે ચર્ચા કરી હતી. ૨૦૦૪થી ચાલતી આ પ્રક્રિયામાં પડેલી તમામ મુશ્કેલીઓ પણ વર્ણવી હતી. અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના ચેરમેન મગનભાઈ તથા સીઈઓ સુરેશભાઈએ હાલમાં અવિરતમાં ચાલતી કામગીરીની માહિતી આપી હતી. કંપનીઓ માટે ફેસીલેટેશન સાથે સંકળાયેલા નિરવ, પરિતા, તરૂણા તથા સ્નેહાએ પોતાના અનુભવ કહયા હતા.

***ઘર મોટા હોવાથી ભેગુ નથી રહેવાતુ મન મોટા હોય તો ભેગુ રહેવાય છે.***

**Happy birthday**

Parita Patoliya 10. 02. 1993

**In this month**

2 Visit by TKF & GNS for guidance on FPO formation.

3 PU managers meeting at TKF - Otha (Mahuva)

7 Staff meeting, Amreli

9 CSPC Partners meet for Institution at Kodinar

12 Training and Exposure visit for JAPCO members

18 Training and Exposure visit for Sorath Company members

25 Budget analysis workshop by patheya at Amreli

31 FPO promotion event at Dhokadva

**રમુજ એક થેરાપી**

તમે બેઉ અદાલતની બહાર જઈને સમાધાન કેમ નથી કરી લેતા? છૂટાછેડાની અરજી કરનારા એ દંપતીને ન્યાયમૂર્તિએ કહયુ.

નામદાર અમે એજ કરી રહયા હતાં પણ ત્યાં જ પોલીસે અમને જાહેર શાંતિનો ભંગ કરવા માટે પકડયા.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આપણા જીવન કરતા સંસ્કૃતિ મહત્વની છે.**